INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૪-૦૯-૨૦૨૫**

## રાજ્ય સરકારની ઘેડ વિસ્તાર બાબત નિયત અંગે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી અમિત ચાવડાનો મુખ્યમંત્રીશ્રીને પત્ર

- **ઘેડ વિસ્તાર માટે ગયા બજેટમાં રાજ્ય સરકારે જાહેર કરેલ ૧૫૦૦ કરોડની યોજના છેતરામણી અને ભ્રષ્ટાચાર વધારનારી બની રહેશેઃ શ્રી અમિત ચાવડા**
- **ઘેડ વિસ્તારના ગામોની પ્રજા તેમજ ખેડૂતોની તકલીફો તો ઘટવાને બદલે વધી છે જે ભાજપની સંવેદનહીનતા અને ભય વગર ભ્રષ્ટાચારની નીતિ દર્શાવે છેઃ શ્રી જયનારાયણ વ્યાસ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાનો અને પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદને સંબોધતા ઘેડ વિસ્તારના પ્રશ્ન બાબતે માહિતી આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં દ્વારકા, પોરબંદર અને જુનાગઢ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારમાંથી અરધા સૌરાષ્ટ્રનું પાણી લઈને આવતી મોટી નદીઓ જેવી કે સાની, સોરઠી, વર્તુ, મીનસાર, ભાદર, ઓઝાત, ઉબેણ, ટિલોરી, છીપ્રાળી વગેરે અને તેના સિવાય અનેક નાની નાની નદીઓ જ્યાં દરિયાને મળે છે એ કાંઠાળા વિસ્તારને 'ઘેડ વિસ્તાર' તરીકે ઓળખાય છે.

આજથી ૩૦ - ૩૫ વર્ષ પહેલાં આ ઘેડ વિસ્તાર કુલ ૨૦ થી ૨૫ હજાર હેક્ટરમાં ફેલાયેલો હતો જે આજે અંદાજે ૧ લાખ ૨૫ હજાર હેક્ટરમાં ફેલાઈ ગયો છે. ૨૦૨૪માં આ ત્રણેય જિલ્લાના લગભગ ૬૫ થી ૭૫ ગામો અલગ અલગ સમયે ૩ દિવસથી ૧૩ દિવસ સુધી સંપર્ક વિહોણાં રહ્યાં હતાં જે સરકારી રેકર્ડ પર પણ ઉપલબ્ધ છે. ૩૦ - ૩૫ વર્ષ પહેલાં "ઘેડ વિકાસ સમિતિ" એક સરકારી નિગમ કે બોર્ડની જેમ આ ઘેડ વિસ્તારના લોકોના વિકાસ માટે કામ કરતી હતી. આ સમિતિ દ્વારા દર વર્ષે નદીઓમાં ઝાડી ઝાંખરાં સાફ કરવાં, નદીઓ ઊંડી પહોળી કરવી, દરિયામાં બારાં બનાવવાં, ગ્રામ્ય રસ્તાઓની ઊંચાઈ જમીન સપાટીથી ઉપર ન જાય તેની તકેદારી રાખવી જેથી ખેતરોમાં પાણી ન ભરાય, ઘેડ વિકાસ સમિતિ દ્વારા દર વર્ષે ખેડૂતોના ચણાના વાવેતરમાં હેલિકોપ્ટરથી જંતુનાશક દવાનો છંટકાવ સરકારી ખર્ચે કરવામાં આવતો હતો.

આજથી ૩૦ વર્ષ પહેલાંની સરકારો ઘેડના વિસ્તારનો ફેલાવો ન થાય તે માટે સંપૂર્ણપણે તકેદારી રાખતી જે સામે છેલ્લાં ૩૦ વર્ષમાં ભાજપ સરકારે તદ્દન ઉલટા કામો કર્યાં છે એટલું જ નહીં પણ જે કર્યા એમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું જણાયું છે જે અંગેના મુખ્ય મુદ્દાઓ જોઈએ તોઃ

1) અગાઉ દર વર્ષે નદીઓને સાફ કરવી, ઝાડી ઝાંખરાં સાફ કરવાની કામગીરી કરવામાં આવતી હતી તે કામગીરી માત્ર કાગળ પર કરીને બિલ ઉધારવામાં આવતાં રહ્યાં જેના કારણે નદીઓ તૂટવાની ઘટના સામાન્ય બની ગઈ અને ઘેડના વિસ્તારનો ફેલાવો થતો રહ્યો
2) જ્યાં ૩ થી ૪ મહિના પાણી ભરાઈ રહે તેવા સ્થળોએ ડામર રોડ કરવાને બદલે RCC રોડ કરવા જોઈએ પરંતુ RCC રોડ કરવાની જગ્યાએ ડામર રોડ બનાવ્યા એટલે દર ચોમાસે આ ડામર રોડ ધોવાઈ જાય છે.
3) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગ્રામ્ય માર્ગો ૧ મીટરના ઊંચાઈના ફરજીયાત હોવા જોઈએ પરંતુ ૩૦ વર્ષ પહેલાંની કોંગ્રેસ સરકાર દ્વારા ઘેડ વિકાસ સમિતિની માંગને ગ્રાહ્ય રાખી ઘેડ વિસ્તારમાં ફરજીયાત જમીન સપાટી બરાબરના રોડ બનાવવાની છૂટછાટ આપી હતી જેથી ખેડૂતોના ખેતરમાં પાણી ન ભરાય તેની સામે વર્તમાન સરકારે ઘેડ વિસ્તારના ગ્રામ્ય માર્ગોમાં ૧ મીટર થી લઈ ૪ - ૫ મીટરની ઊંચાઈના રોડ બનાવ્યા જે ખેડૂતો માટે અભિશાપરૂપ બન્યા છે.
4) ભાજપ સરકાર દ્વારા ચેક ડેમની યોજના બનાવવામાં આવી આ યોજના અંતર્ગત નદીઓમાં ચેક ડેમ બનાવવામાં આવતા પરંતુ ઘેડ વિસ્તારની નદીઓના પાણીના વહેણની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના જ નદીઓમાં જમીન સપાટી બરાબરના ચેકડેમ બનાવવામાં આવ્યા જેના કારણે નદીઓમાં ચેકડેમની આડસ આવતા નદીઓ છલકાઈને બહાર ખેતરોમાં ફેલાવા લાગી ને ખેડૂતોના ખેતરો દર વર્ષે ધોવાવા લાગ્યાં આમ ઘેડના વિસ્તારનો ફેલાવો થઈને ૨૫ હજાર હેક્ટરમાંથી પાંચ વધી આજે સવા લાખ હેક્ટરે પહોંચ્યો છે. ખેડૂત બેહાલ બન્યો છે.

5) આખા ઘેડ વિસ્તારને ચીરતો સોમનાથ પોરબંદર - દ્વારકા નેશનલ હાઈવે બનાવવામાં આવ્યો આ નેશનલ હાઈવે બનાવતી વખતે ઘેડ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખવી જોઈતી હતી તેમજ સિંચાઈ વિભાગના ઈજનેરો સાથે પરામર્શ કરવો જોઈએ પરંતુ સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે પરામર્શ કર્યા વગર જ નેશનલ હાઈવે બનાવવામાં આવ્યો જેમાં જ્યાં જ્યાં કુદરતી રીતે પાણીનાં વહેણ હતાં, નદીઓના પ્રવાહ હતા તેને ડિસ્ટર્બ કરવામાં આવ્યા જ્યાં જ્યાં જ્યાં પાણી નિકાલની વ્યવસ્થા રાખવી જોઈએ ત્યાં પુલ મુકવામાં ન આવ્યા અથવા જો મુકવામાં આવ્યા તો તેની ક્ષમતા મુજબ મુકવામાં ન આવ્યા જેના કારણે ગયા વર્ષે ઘેડ વિસ્તારની નદીઓ નેશનલ હાઈવેની ઉપરથી વહેતી હતી આમ ઘેડના વિસ્તારનો ફેલાવો કરવાનું કામ નેશનલ હાઈવે એ પણ કર્યું છે.

6) દરિયામાં જ્યાં નદીઓ મળે છે તેને બારું કહેવામાં આવે છે જ્યાં જ્યાં આવાં બારાં હતાં ત્યાં જે તે સમયની સરકારો વન વે ઓટોમેટિક દરવાજા (માત્ર એક બાજુ ખુલતા દરવાજા) મુકયા હતા જેથી ચોમાસાના સમયમાં નદીઓનું પાણી આવે દરવાજાને ધકકો લાગે એટલે ખુલી જાય ને નદીનું પાણી દરિયામાં વહી જાય જેવું નદીમાં પાણી બંધ થાય એટલે દરવાજો ઓટોમેટિક બંધ થઈ જાય જેથી દરિયાનું પાણી જમીન પર ન આવે આ ઓટોમેટિક દરવાજાઓનો નાશ કરી તેની જગ્યાએ વર્તમાન સરકારે દીવાલો બનાવી દીધી જેના કારણે નદીઓનાં પાણી દરિયામાં જતા અટકયા ને ઘેડના વિસ્તારમાં ફેલાવો થયો.

ઉપરોક્ત કારણોસર જે ઘેડ આજથી ૩૦ - ૩૫ વર્ષ પહેલાં ૨૫ હજાર હેકટરમાં ફેલાયેલો હતો એ આજે અંદાજે ૧ લાખ ૨૫ હજાર હેકટરમાં ફેલાયો છે ને તેના માટે સંપૂર્ણપણે જવાબદાર છેલ્લા ૩૦ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ સરકાર છે ગયા વર્ષે કિસાન કોંગ્રેસના અધ્યક્ષશ્રી પાલભાઈ આંબલીયા સહિતના ખેડૂત આગેવાનો અને સ્થાનિકો તેમજ ઘેડ વિકાસ વિસ્તાર સમિતિ દ્વારા ઘેડના દરેક ગામનો બે બે વખત પ્રવાસ કરી જૂનાગઢ, પોરબંદર, દેવભૂમી દ્વારકા કલેક્ટરશ્રીઓને લેખિત રજુઆત કરી ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ "ખેડૂત મહાપંચયત" કરી હતી જેમાં ખેડૂત આગેવાન યોગેન્દ્ર યાદવ અને રમતવીર કુસ્તી પહેલવાન બજરંગ પુનિયા ઉપસ્થિત રહી સરકારશ્રીનું ઘેડના પ્રાણપ્રશ્નો બાબતે ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો અને સરકારશ્રી દ્વારા ઘેડ વિસ્તાર માટે ગયા બજેટમાં ૧૫૦૦ કરોડ જેવી માતબર રકમ ગુજરાત સરકારે ફાળવી અને એમાંથી માત્ર ૧૩૯ કરોડના જ કામો હાથ ધરાયા એટલે ગુજરાત સરકારની બજેટ અંગેની આ જાહેરાતો પણ પોકળ સાબિત થઈ એમ કહેવાય. આ ૧૩૯ કરોડનાં કામો પણ ૧૫ મે, ૨૦૨૫ના રોજ શરૂ થયા જ્યારે ચોમાસું ક્ષિતિજે ડોકાઈ રહ્યું હતું. આ કારણથી જે કામો થયાં તે બધાં જ પૂરમાં તણાઈ ગયાં. જો સરકારે સાચી દાનતથી કામ કરવું હતું તો ફેબ્રુઆરીમાં આ નાણા બજેટમાં ફાળવ્યા પછી કમસેકસ એપ્રિલથી કામ શરૂ કરી શકાયું હોત બજેટ મંજૂર કરાયા બાદ તરત જ કાર્ય શરૂ કરાયા હોત, જે નહીં કરીને પ્રજાનાં નાણાનો દુરુપયોગ થયો અને પ્રજાની મુશ્કેલી જેમની તેમ રહી.

નદીઓ સાફ કરવા માટે ધારિયા કે એવી વસ્તુઓ કામ લાગે, હિટાચી મશીન કામ ન લાગે. આમ છતાં હિટાચી મશીન ઝાડને મૂળિયા સહિત ખેંચે જે નદી તોડવાનું કામ કરે. આ અંગે શ્રી મનસુખ માંડવીયાએ ત્રણ પ્રેસ કોન્ફરન્સ ઘેડ વિસ્તારમાં કરી. ખોટો જશ ખાટવાનો પ્રયત્ન કર્યો. માત્ર ૩૧ કરોડના ટેન્ડર જ થયા અને તે પણ ધોવાઈ ગયા. ઘેડમાં તળાવો ઊંડા નથી કરવાના નદી ઊંડી કરવાની છે, એટલે સુઝલામ સુફલામની માફક અહીં કામ ના થઈ શકે એ વાત સરકાર સમજવા જ તૈયાર નથી એટલે પ્રજાની હાડમારી ચાલુ રહે છે અને સરકારના નાણાં ચવાઈ જાય છે.

વાસ્તવમાં આ ૧૩૯ કરોડમાંથી ૯ કરોડના પણ કામો થયા નથી અમને શંકા છે કે ૧૩૯ કરોડમાંથી ૧૩૦ કરોડ રૂપિયા ખવાઈ ચવાઈ ગયા છે જો વાસ્તવમાં આ કામો થયા હોત તો આ વર્ષે ઓઝાત નદી અલગ અલગ ૧૦ થી ૧૨ જગ્યાએ તૂટી છે જેના કારણે હજારો હેકટર ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે.

ભારતીય જનતા પક્ષની સરકારે ઘેડના પ્રશ્નોને અનુલક્ષીને ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં ૧૫૦૦ કરોડ જેવી રકમ ખર્ચવાની જાહેરાત કરી. આ જાહેરાત સંપૂર્ણપણે છેતરામણી છે. અત્યાર સુધીમાં માત્ર ૧૩૯ કરોડના કામો મંજૂર કરાયા તેમાંથી સામા ચોમાસે જે કામો હાથ ધરાયા તે બધા જ પૂરમાં તણાઈ ગયા પહેલા તો કામોમાં ભ્રષ્ટાચાર થયો અને હવે પાછા એના એ જ કામો ફરી કરશે આવું બેવડા ભ્રષ્ટાચારનું મોડેલ ભારતીય જનતા પાર્ટીની સરકારનું તંત્ર ચલાવે છે. તે સામે ઘેડ વિસ્તારના ત્રણ જિલ્લાના ગામોની પ્રજા તેમજ ખેડૂતોની તકલીફો તો ઘટવાને બદલે વધી છે જે ભારતીય જનતા પાર્ટીની સંવેદનહીનતા અને ભય વગર ભ્રષ્ટાચારની નીતિ દર્શાવે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડાએ આ બાબતે મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરી તાત્કાલિક ઘટતું કરવા વિનંતી કરી છે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવકતા શ્રી હેમાંગ રાવલ તથા પ્રવકતા ડૉ. હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવકતા

**બિડાણઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા દ્વારા ઘેડ વિસ્તાર મુદ્દે મુખ્યમંત્રીશ્રીને લખેલ પત્રની નકલ.**